# "બાળ સેવા કેન્દ્રમાં કુપોષણની સારવાર કરાવા આવતા બાળકોની પોષણ અંગેની સ્થિતિ જાણવી અને કુપોષિત બાળકો માટે CMTC ની ભૂમિકાનો અભ્યાસ"

Dissertation for the Degree of Master of Science
Foods and Nutrition
By

**જયેશ માછી**

Under the Guidance of

**Dr. Neeta Chaudhari**
Asst. Professor
Department of Home Science
Children's University,Gandhinagar

Year:2020-21

---

**અર્ક** :અપુરતો આહાર, અપુરતો આહારનો ઉપયોગ, નબળું અવશોષણ તથા સુક્ષ્મપોષકતત્વોની ઉનપને કારણે બાળકમાં ઓછું પોષણ તથા વધુ પડતા આહારને કારણે સ્થૂળકાયની પરીસ્થિતિ ઉત્પન્ન થાય છે જે કુપોષણ તરીકે ઓળખાય છે જો લાંબા સમય સુધી યોગ્ય માત્રામાં સુક્ષ્મપોષકતતત્વો યુક્ત આહાર ન લેવામાં આવે તો કુપોષણની પરીસ્થિતિ ઉદભવે છે શરીરમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ચરબી અને અન્ય સુક્ષ્મપોષકતત્ત્વોની અસમતોલ માત્રાને કારણે કુપોષણની પરીસ્થિતિ ઉદભવે છે.નેશનલ હેલ્થ મિશન દ્વારા બાળકોના અસ્તિત્વની જાળવણી માટે, વૃદ્ધિ અને વિકાસ માટે તથા જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે જરૂરી એવા બાળકોના આરોગ્ય અને પોષણ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે અતિગંભીર કુપોષિત બાળકોની બાળ સેવા કેન્દ્ર (CMTC) ખાતે સંસ્થાકીય સારવાર, સૂક્ષ્મપોષક તત્વોનો પુરક આહાર, શિશુ તથા બાળ પોષણ અને આહારની પદ્ધતિઓને પ્રોત્સાહન વગેરે પ્રજનન અને બાળઆરોગ્યના અભિન્ન અંગો છે અતિગંભીર કુપોષિત બાળકોની સંસ્થાકીય સારવારએ પીડીત પરીવારો તથા આરોગ્યતંત્ર માટે આર્થિક બીજા સમાન છે . વહેલી પોષણ સંબંધી સમસ્યાઓની સામાન્ય પ્રોટોકોલ વડે સારવાર થઈ શકે, મેડીકલ કોમ્પલીકેશન ન ધરાવતા હોય તથા સામાન્ય તબીબી પરીસ્થિતિ ધરાવતા બાળકોની સમુદાય ખાતે સારવાર કરી શકાય તે માટે સંકલિત અભિગમની જાજી જરૂરિયાત વર્તાઈ રહેલ છે જ્યાં બાળકોના પોષણ પુનર્વસનની વ્યવસ્થા કરી શકાય તથા તેમની શ્રેષ્ટ સંભાળ લઈ શકાય.

Key words : અપુરતો આહાર, અપુરતો આહારનો ઉપયોગ, નબળું અવશોષણ, સુક્ષ્મપોષકતત્વોની ઉનપ